*રહેમિયત પેન્શનની લઘુત્તમ રકમ*
*નક્કી કરવા બાબત.*

ગુજરાત સરકાર

**નાણા વિભાગ,**

ઠરાવ ક્રમાંક : નવન-૧૦૮૯-૪૧૩/૦૨-૩૩૮/૧૦-પી.

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૨૫ એપ્રિલ, ૨૦૧૧

વંચાણે લીધા :

(૧) નાણા વિભાગના ઠરાવ ક્ર. : પગર-૧૦૯૮-૬-મ, તા.: ૨૦-૧-૧૯૯૮.

(૨) ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૭૭ થી ૭૯.

(૩) નાણા વિભાગના ઠરાવ ક્ર. : પીજીઆર-૧૦૦૯-૫-પે સેલ, તા. ૧૩-૪-૨૦૦૯

## ઠ રા વ

ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૭૭ , ૭૮, અને ૭૯ અન્વયે રાજય સરકારની સેવામાંથી ફરજીયાત નિવૃત્ત કરાતા કે, સેવામાંથી રૂખસદ આપવામાં આવતા કર્મચારીને તેઓ માગણી કરે તો કેસના ગુણદોષને ધ્યાને લઇ સરકાર રહેમિયત પેન્શન મંજુર કરે છે અને આવા રહેમિયત પેન્શનના કેસોમાં નાણા વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ-(૧) ઉપર દર્શાવેલા ઠરાવની જોગવાઇ મુજબ રહેમિયત પેન્શનની લઘુત્તમ મર્યાદા રૂા. ૧૨૭૫/- નક્કી કરવામાં આવેલ છે.

૨. છઠ્ઠા પગાર પંચનો અમલ થતાં સરકારશ્રીએ પેન્શનની લઘુત્તમ મર્યાદા રૂા. ૧૨૭૫/- થી વધારીને રૂા. ૩૫૦૦/- નક્કી કરેલ છે. આ લાભ રહેમિયત પેન્શન મેળવતા પેન્શનરોને પણ આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે પેન્શનની લઘુત્તમ મર્યાદા નાણા વિભાગના તારીખ : ૧૩-૦૪-૨૦૦૯ ના ઠરાવથી કર્મચારીઓને રૂા. ૩૫૦૦/- આપવાનુ ઠરાવવામાં આવેલ છે તે રૂા. ૩૫૦૦/- લઘુત્તમ મર્યાદાનો લાભ ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ હેઠળ રહેમિયત પેન્શન મેળવતા પેન્શનરોને માટે પણ આપવાનું સરકારે ઠરાવેલ છે.

આ હુકમોનો અમલ તારીખ ૧-૧-૨૦૦૬થી મંજુર કરવાનો રહેશે. જેના તફાવતની રકમના ચૂકવણા માટે નાણા વિભાગના ઉપરોકત ક્રમ-(૩) માં દશાવેલ ઠરાવ અને તે અન્વયે વખતોવખત નક્કી થયેલ જોગવાઇઓ અનુસારની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલજા પટેલ )

નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)

નાણા વિભાગ.

*(પાછળ...)*

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ / રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો / તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીઓના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મૂલ્કી સેવા-ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ / રાજકોટ
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ, / તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / નર્મદા / વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
તમામ બોર્ડ / કોર્પોરેશન / નિગમો.
નાણા વિભાગની તમામ શાખાઓ (નાણા શાખાઓ સહીત)
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ.
<u>પસંદગી ફાઇલ, - પી. શાખા</u>

- પત્ર દ્વારા.